सत्यमेव जयते

| દાખલ તારીખ | ૧૭/૧૨/૨૦૨૨ | | |
|---|---|---|---|
| રજિસ્ટર તારીખ | ૧૭/૧૨/૨૦૨૨ | | |
| ફેસલ તારીખ | ૨૩/૧૨/૨૦૨૨ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | **૦૦** | **૦૦** | **૦૭** |

District & Sessions Court Ahmedabad Rural

**અમદાવાદ(ગ્રામ્ય)ના મહે. એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુ.અમદાવાદ, મિરઝાપુર.**

**ક્રિમિ.પર.અરજી નં.૩૯૫૯/૨૦૨૨**
**આંક : ૬**

**અરજદાર :** **૧. ફેઝાન ઉર્ફે ટેબુ સ/ઓ રીયાઝુદ્દીન અહેમદમીંયા સૈયદ**
ઉં.વ.આ.૨૫, ધંધો-છૂટક મજૂરી, રહે.ઘર નં.૩, કેતકી સોસાયટી, સોનલ સિનેમા, સોનલ રોડ,વેજલપુર, અમદાવાદ.

**૨. મચુદ્દીન ઉર્ફે નવાબ સ/ઓ રહીમભાઈ કરીમભાઈ સમા**
ઉં.વ.આ.૨૩, ધંધો-છૂટક મજૂરી, રહે.મ.નં.૪૯, ગુમટી પાછળનો વિસ્તાર, નહેરૂનગર, સરખેજ, અમદાવાદ.
(હાલ સેન્ટ્રલ જેલ, સાબરમતી, અમદાવાદ)

**વિરૂદ્ધ**

**સામાવાળા :** **શ્રી સરકાર**

**<u>બાબત :- ક્રી.પ્રો.કોડની કલમ-૪૩૯ મુજબ રેગ્યૂલર જામીન અરજી.</u>**

**અરજદાર/આરોપી તરફે : વિ.વકીલ શ્રી એમ. આર. વૈદ્ય**
**સામાવાળા તરફે : વિ.ડી.જી.પી. શ્રી પી. એમ. ત્રિવેદી**

**– : : ચુ કા દો : : –**

(૧) આ કામના અરજદાર/આરોપીએ વેજલપુર પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૧૦૨૮૨૨૧૩૨૩/૨૦૨૨ થી ઈ.પી.કો.કલમ–૩૦૭, ૨૯૪(ખ), ૧૧૪, આર્મ્સ એકટ–૨૫(૧–બી)(એ)–૨૭(૨), જી.પી.એકટ–૧૩૫(૧) મુજબના ગુનાના કામે રેગ્યુલર જામીન મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) આ કામની ફરીયાદની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૦૬/૧૨/૨૦૨૨ ના કલાક–૦૧.૦૦ વાગે રાત્રીના સમયે વેજલપુર સોનલ રોડ ખાતે આવેલ ટીચર સોસાયટીના નાકા પાસે જાહેરમાં આ કામના આરોપીઓએ ફરિયાદીને ઉભા રાખી બોલાચાલી ઝઘડો કરી ગંદી બીભત્સ ગાળો બોલી આરોપી નં.૧ નાએ તલવાર લઈ મારવા જતા ફરિયાદીએ ગાડી હંકારી ઘરે ચાલ્યા જઈ તેમના પિતાજીને હકિકતથી વાકેફ કર્યા બાદ તેઓ તથા તેમના પિતા તથા મોઈન ઉર્ફે બબલુનાઓ બનાવવાળી જગ્યાએ જતા આરોપીઓએ તેઓની સાથે પણ બોલાચાલી ઝઘડો કરી ગંદી બીભત્સ ગાળો બોલવા લાગેલ તે દરમિયાન આરોપી નં.ર ફૈઝાન ઉર્ફે તૈબુએ તેની પાસેની પિસ્ટલ વડે ફરિયાદી તથા તેમના પિતાજીને જાનથી મારી નાખવાના ઈરાદે તેઓ ઉપર ફાયરીંગ કરેલ અને બાદમાં આરોપી નં.૩ મયુદ્દીન ઉર્ફે નવાબે ફૈઝાન ઉર્ફે તૈબુના હાથમાંથી પિસ્ટલ લઈ પોતે ફરિયાદી તથા તેમના પિતાજીને જાનથી મારી નાખવાના ઈરાદે તેમાંથી બે રાઉન્ડ ફાયરીંગ કરી ગુનો કરેલ હોવાની ફરીયાદ હકીકત છે.

(૩) અરજદાર તરફે વિ.વકીલશ્રી એમ. આર. વૈદ્યની મુખ્યત્વે રજૂઆત છે કે, સદર કામે ઈ.પી.કો.કલમ–૩૦૭, ૨૯૪(ખ), ૧૧૪, આર્મ્સ એકટ–૨૫ (૧–બી)(એ)–૨૭(૨), જી.પી.એકટ–૧૩૫(૧) મુજબના ગુનાની ફરિયાદ છે. આ ગુનામાં ક્રોસ કમ્પલેન છે. ફરિયાદીને આતરીને બનાવ બનતા, બીજી જગ્યાએ બનાવ બનેલાનો કેસ છે. ફાયરીંગ થઈ હોય, ગનપાઉડર હોય તેવું નથી. કોઈને ઈજા નથી,

ફાયરીંગ છે. બનાવટી એફ.આઈ.આર. ઉભો કરેલ છે. ફરિયાદી સાથે અસંખ્ય ગુનાઓ નોંધાયેલ છે. સી.સી.ટી.વી. ફૂટેજ મંગાવવા. ફરિયાદી પોતે તલવાર લઈને દહેશત ફેલાવે છે. વાહીદ ઉર્ફે બાબા સી.આર.એમ.એ. નં.૩૮૬૬/૨૦૨૨ થી જામીન ઉપર મુકત છે. એક સરખો રોલ છે. પેરીટી કલેઈમ કરે છે. આથી યોગ્ય શરતોને આધીન અરજદારની જામીન અરજી મંજૂર કરવા રજૂઆત કરેલી છે.

(૪) સરકાર શ્રી તરફે વિ.એ.પી.શ્રી પી. એમ.ત્રિવેદીની મુખ્યત્વે રજૂઆત છે કે, આ કામે આરોપી વાહીદની રેગ્યુલર જામીન અરજી મંજૂર છે. ફકત તલવાર હતી. અરજદારોના હાથમાં પિસ્તોલ છે. ફાયરિંગ કરેલ છે. ઈ.પી.કો.કલમ–૩૦૭ મુજબનો ગુનો છે. એન.સી. અને ટ્રાફિકના ગુનાહિત ઈતિહાસમાં છે. ક્રોસ કેસ છે. તપાસ બાકી છે. અરજદાર/આરોપી વિરુધ્ધના ગુનાની ગંભીરતા ધ્યાનમાં લઈ જામીન અરજી ના–મંજૂર કરવા જણાવેલું છે.

(૫) આ કામે તપાસ કરનાર અમલદારશ્રીએ **આંક–૫** થી સોગંદનામુ રજૂ રાખેલું છે. જેમાં તેઓએ મુખ્યત્વે રજૂઆત કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી અગાઉની અદાવત રાખી પોતાના મિત્રો સહ આરોપી સાથે મળી તલવાર તથા પિસ્ટલ જેવા પ્રાણ ઘાતક હથિયારથી ફરિયાદી તથા તેમના પિતાને મારી નાંખવાના ઈરાદે જાહેરમાં ફાયરીંગ કરાવે તેમજ સમાજમાં એક ખોફ અને ડર ઉભો કરી પોતાની ધાક બેસાડવા માટે જાહેરમાં તલવાર અને પીસ્ટલ જેવા જીવલેણ હથિયાર પોતાના કબજામાં રાખે તે ખૂબ જ ગંભીર બાબત છે. આરોપીને જામીન મુકત કરવામાં આવે તો આરોપી ફરિયાદીને તથા સાહેદોને ડરાવે ધમકાવે તેમ છે અને તેમની સાથે ફરીથી બોલાચાલી ઝઘડો કરી પુરાવા સાથે ચેડા કરે તેમ છે અને તપાસને નુકસાન કરે તેમ છે. અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવે તો સમાજમાં નકારાત્મક અસરો પેદા થાય તેમ હોય જેથી અરજદાર આરોપીના જામીન મંજૂર નહી કરવા અરજ કરેલ છે.

(૬) ઉપરોકત દલીલો તેમજ તપાસના કાગળો ઘ્યાને લેતાં પક્ષકારો વચ્ચે ક્રોસ ફરિયાદો થયેલ છે. ફાયરિંગને લગતી મહદ અંશે તપાસ થઈને પૃથ્થકરણ અર્થે નમૂના મોકલાવેલ છે. મહદઅંશે તપાસ થઈ ગયેલ હોઈ ત.ક.અધિકારીશ્રી ધ્વારા જણાવેલ દહેશતો માટે કડક શરતો લાદીને કાયદાથી મળતો વિવેકાધીન અધિકાર વાપરવો ન્યાયોચિત જણાતું હોઈ નીચે મુજબનો હુકમ કરું છું.

**<u>:: હુકમ ::</u>**

(૧) અરજદાર/આરોપીઓની જામીન અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપીઓ ૧.ફેઝાન ઉર્ફે ટેબુ સ/ઓ રીયાઝુદ્દીન અહેમદમીંયા સૈયદ, રહે.ઘર નં.૩, કેતકી સોસાયટી, સોનલ સિનેમા, સોનલ રોડ,વેજલપુર, અમદાવાદ અને નં.૨ મયુદ્દીન ઉર્ફે નવાબ સ/ઓ રહીમભાઈ કરીમભાઈ સમા, રહે.મ.નં.૪૯, ગુમટી પાછળનો વિસ્તાર, નહેરૂનગર, સરખેજ, અમદાવાદનાઓને વેજલપુર પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૧૦૨૮૨૨૧૩૨૩/૨૦૨૨ થી ઈ.પી.કો.કલમ–૩૦૭, ૨૯૪(ખ), ૧૧૪, આર્મ્સ એકટ–૨૫(૧–બી)(એ)–૨૭(૨), જી.પી.એકટ–૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનાના કામે દરેક આરોપીએ રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના સઘ્ધર જામીન અને તેટલી જ રકમના જાતમુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધિન જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>:: શરતો ::</u>**

૧. અરજદાર/આરોપીઓએ ટ્રાયલ કોર્ટ સમક્ષ કેસની કાર્યવાહી પૂર્ણ થતા સુધી દર મુદતે નિયમીત હાજર રહેવું.

૨. અરજદાર/આરોપીઓએ કોઈપણ સાહેદોને કોઈપણ જાતના લોભ, લાલચ

કે પ્રલોભનો આપવાના કે ફોડવાના પ્રયત્નો કરવા નહીં.

**૩.** અરજદાર/આરોપીઓએ ટ્રાયલ પુરો ન થાય ત્યાંસુધી વેજલપુર વિસ્તારમાં પ્રવેશવું નહિં અને કયાં રહેશે તેના સરનામાની જાહેરાત કરવાની રહેશે. વેજલપુર પોલીસ સ્ટેશનમાં ત.ક.અધિકારીશ્રીને જરૂર પડયેથી અરજદાર/આરોપી વેજલપુર પોલીસ સ્ટેશનમાં પ્રવેશી શકશે.

**૪.** અરજદાર/આરોપીઓએ અત્રેની કોર્ટની પરવાનગી સિવાય ભારત દેશની હદ છોડવી નહીં.

**૫.** અરજદાર/આરોપીઓએ જો પાસપોર્ટ ધરાવતા હોય તો કોર્ટમાં જમા કરાવવો અને જો ન ધરાવતા હોય તો એફીડેવીટથી જાહેર કરવું.

**૬.** અરજદાર/આરોપીઓએ ટ્રાયલ કોર્ટને પોતાનું કાયમી સરનામુ તથા મોબાઈલ નંબર પૂરા પાડવા તેમજ ટ્રાયલ પૂરો ન થાય ત્યાંસુધી તેમાં કોઈ ફેરફાર કરવો નહીં.

**૭.** અરજદાર/આરોપીઓ ધ્વારા ઉપરોકત કોઈપણ શરતોનો ભંગ થશે તો જામીન આપોઆપ રદ ગણાશે.

અરજદાર / આરોપીઓએ જામીન સંબંધિત અદાલતમાં રજુ કરવા.

હુકમની જાણ સંબંધિત પો.સ્ટે.ને કરવી.

હુકમ આજરોજ તા.૨૩ મી માહે ડિસેમ્બર સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

તા.૨૩/૧૨/૨૦૨૨

અમદાવાદ.

**(મનીષ પ્રધ્યુમન પુરોહિત)**
**કોડ નં. GJ-00604**
એડીશનલ સેશન્સ જજ,
અમદાવાદ(ગ્રામ્ય),મિરઝાપુર.

એસ. પી. રાજપુત(પી. એ.)

District & Sessions Court Ahmedabad Rural
સત્યમેવ જયતે